B Ed (Semester I) Examination

November 20, 2018, Tuesday

Time:10.00 a.m. to 11.30 a.m.

UE01CBD201

Reading and Reflecting on Texts

કુલ ગુણ : ૩૫

સુચના: પ્રશ્નપત્રમાં કુલ ચાર પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજીયાત છે.
જમણી બાજુના માર્ક્સ પ્રશ્નના કુલ ગુણ દર્શાવે છે.

પ્રશ્ન: ૧ નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ ચાર પ્રશ્નોના ઉત્તરો આપો. ૦૮

૧ વાંચનનો અર્થ સ્પષ્ટ કરી તેનો હેતુ આધારિત કોઈ એક પ્રકાર સમજાવો.

૨ ડો. વિલિયમ એસ ગ્રેના વાંચનના સોપાનોમાંનું "શબ્દપ્રત્યભિજ્ઞાન" સોપાન સ્પષ્ટ કરો.

૩ સર્જનાત્મક વાચન કોને કહેવાય?

૪ વાંચન દ્વારા બોધાત્મક વિચારણાનો વિકાસ કરવા તમારા વિષયના કોઈ એકમને અનુલક્ષીને દલીલોના મૂલ્યાંકન માટેના ચાર પ્રશ્નો રચો.

૫ ચિંતન વિકાસની પ્રવિધિઓ લખો.

પ્રશ્ન: ૨ નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ બે પ્રશ્નોના ઉત્તરો આપો. ૧૦

૧ "બાળકો નિષ્ફળ શાથી જાય છે" પુસ્તકમાંથી લીધેલ નીચેના પરિચ્છેદના વાંચનને આધારે પ્રશ્નનો ઉત્તર આપો.

*"આ બાબત હવે સર્વ વિદિત છે કે પરીક્ષાઓના પરિણામ ગમે તે દર્શાવતા હોય , શાળાઓમાં જે કંઈ ભણાવવામાં આવતું હોય છે તેમાંનું ઘણું ઓછું વિદ્યાર્થીઓ શીખતા હોય છે. જે કંઈ તેઓ શીખે છે, તેમાંનું ઘણું ઓછું તેઓ યાદ રાખે છે અને જે કંઈ યાદ રાખે છે તેમાંના ઘણાં ઓછાનો વાસ્તવિક જીવનમાં તેઓ ઉપયોગ કરતા હોય છે. વાસ્તવમાં આપણે જે કંઈ શીખીએ છીએ, યાદ રાખીએ છીએ અને વ્યવહારુ જીવનમાં ઉપયોગ કરીએ છીએ એ જ્ઞાન તો આપણે શાળાની દીવાલોની બહાર આપણા રોજબરોજના જીવન અને અનુભવોમાંથી જ મેળવતા હોઈએ છીએ"*

પ્રશ્ન: શાળાકીય શિક્ષણને પરીક્ષાલક્ષી નહિ બલ્કિ જીવનલક્ષી બનાવવા શિક્ષક તરીકે તમે શું કરશો?

૨ **"સિદ્ધાર્થ" લઘુનવલમાંથી લેવાયેલ નીચેનો અંશ વાંચી પ્રશ્નનો ઉત્તર આપો.**

*સિદ્ધાર્થે ઉપહાસમિશ્રિત, વેદનાસ્વારે, મૃદુ છતાંય કૈક દુખી સ્વરે કહ્યું, " ગોવિંદ, તારો આ મિત્ર શ્રમણોનો આ માર્ગ સત્વરે જ છોડી દેશે. હું તૃષાથી પીડાઉં છું અને ગોવિંદ, શ્રમણોના આ લાંબા માર્ગે મારી તૃષા લગીરે ઓછી થઇ નથી. મારી સતત તૃષા જ્ઞાન પ્રાપ્તિની છે. પ્રશ્નોથી હું સદા ઘેરાયેલો રહ્યો છું....કોઈ પણ વ્યક્તિ બીજા પાસેથી કશું જ શીખી શકતી નથી તે જાણવા માટે મેં લાંબો સમય ગાળ્યો છે*

**પ્રશ્ન: જ્ઞાન પ્રાપ્ત કરવાની તૃષા ધરાવનાર સિદ્ધાર્થ વર્તમાન જીવનમાં અસંતોષ ઉભો થતાં નવી શરૂઆત કરવાનો નિર્ણય લે છે. સિદ્ધાર્થના આ નિર્ણય સાથે તમારી સહમતિ કે અસહમતિ** દર્શાવતો પત્ર સિદ્ધાર્થને લખો.

(P.T.O.)